**વલસાડ જિલ્લા પંચાયત, છ તાલુકા પંચાયત, વાપી મહાનગરપાલિકા અને ઉમરગામ પાલિકાની ચૂંટણી માટે શાંતિપૂર્ણ મતદાન બાદ કોના શિરે તાજ?**

# આ દેખે જરા, કિસ મેં કિતના હૈ દમ! આજે ફેંસલો

**વલસાડ** જિલ્લામાં આજે ૮ સ્થળે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરી

**૧૪૨૭** જવાનોનો ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

વાપી, વલસાડ : વલસાડ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તા.૨૬ એપ્રિલે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયા બાદ મંગળવારે તા. ૨૮ એપ્રિલના રોજ જિલ્લા ચૂંટણી અધિકારી તેમજ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માના નેતૃત્વ અને જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ૧૪૨૭ જેટલા ઉચ્ચ પોલીસ અધિકારીઓ, પોલીસ સ્ટાફ, હોમગાર્ડ અને એસઆરપી જવાનોના ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જિલ્લામાં નક્કી કરાયેલા ૮ સ્થળોએ મતગણતરી હાથ ધરાશે.

વલસાડ જિલ્લા પંચાયત, છ તાલુકા પંચાયત, એક વાપી મહાનગરપાલિકા અને ઉમરગામ પાલિકાની ચૂંટણી માટે રવિવારે મતદાન થયા બાદ હવે મંગળવારે હાથ ધરાનાર મતગણતરી પ્રક્રિયા હેઠળ ચૂંટણી જંગમાં ઉતરેલા અનેક ઉમેદવારોના ભાવિનો ફેસલો થશે. (૧) કપરાડા તાલુકામાં ગવર્મેન્ટ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, કપરાડા, ઈન્ડીજિનસ ગેલેરી, રૂમ નં. ૨૪, બીજો માળ, (૨) ઉમરગામ તાલુકામાં અગ્રતા હાઈસ્કૂલ, ઉમરગામ, ગ્રાઉન્ડ ફ્લોર, અને એમ.એમ.હાઈસ્કૂલ, સરસ્વતી હોલ, જુનુ મકાન, પ્રથમ માળ, ઉમરગામ, (૩) ધરમપુરમાં આદર્શ નિવાસી શાળા, બામટી, ધરમપુર, ગ્રાઉન્ડ ફ્લોર હોલ, (૪) નાનાપોંઢામાં એન.આર. રાઉત સાર્વજનિક શાળા, ગ્રાઉન્ડ ફ્લોર, નાનાપોંઢા, (૫) વલસાડ (ગ્રામ્ય) માં (૧) તાલુકા પંચાયત મંડળ માટે રૂમ નં. એચ-૨૧૬, એચ-૨૧૯, પહેલો માળ, સરકારી એન્જિનિયરિંગ કોલેજ, વલસાડ અને (૨) જિલ્લા પંચાયત મતદાર મંડળ માટે રૂમ નં. એચ- ૩૧૪, એચ-૩૧૭, બીજો માળ, સરકારી એન્જિનિયરિંગ કોલેજ, વલસાડ, (૬) પારડીમાં (જિલ્લા પંચાયત ચૂંટણી અધિકારી) રતનશા જહાંગીરશા દમણવાલા, સ્વ. નિ.ગુ. મા.શાળા, પારડી હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, (તાલુકા પંચાયત ચૂંટણી અધિકારી- ટીડીઓ) ડી.સી.ઓ. સાર્વજનિક હાઈસ્કૂલ, રૂમ નં. ૧, ભોંય તળિયે, પારડી, અને તાલુકા પંચાયત ચૂંટણી અધિકારી- મામલતદાર) ડી.સી.ઓ. સાર્વજનિક હાઈસ્કૂલ, રૂમ નં. ૨, પારડી, (૭) વાપી મહાનગરપાલિકાની મત ગણતરી પુરૂષ અધ્યાપન મંદિર, બલીઠા, દક્ષિણ પાંખ મતગણતરી હોલ રૂમ નં.૧,૨,૩ અને (૮) ઉમરગામ નગરપાલિકાની ચૂંટણીની મત ગણતરી કુમાર શાળા, પ્રથમ માળ, પ્રાર્થના હોલ, ઉમરગામ ખાતે યોજાશે. આ તમામ ૮ સ્થળો પર ૧૪૨૭ પોલીસ અધિકારી અને જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

### ૮ સ્થળે યોજાનારી મતગણતરીમાં પોલીસ બંદોબસ્ત

| પોલીસ સ્ટાફ | સંખ્યા |
|---|---|
| એએસપી/ડીવાયએસપી | ૦૫ |
| પીઆઈ | ૨૩ |
| પીએસઆઈ | ૩૯ |
| પોલીસ | ૫૦૦ |
| ટ્રેઈની (લોકરક્ષક) | ૨૧૦ |
| હોમગાર્ડ | ૫૫૦ |
| એસઆરપી | ૧૦૦ |
| કુલ | ૧૪૨૭ |

## આખલાનું દ્વંદ્વયુદ્ધથી ગભરાટ, રાજકીય જંગમાં કોણ મેદાન મારશે? આજે ફેંસલો



અમૃત પટેલ

પારડીઃ ઉદવાડા સ્ટેશન પાસે આવેલી સરદાર ભીલાડવાળા બેંકની બિલકુલ સામે બે-ત્રણ આખલા વચ્ચે ભીષણ લડાઈ થતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. રસ્તા પર પાર્ક કરેલા વાહનોને પણ નુકસાન થયું હતું. ત્યાંથી પસાર થતાં લોકો માટે પોતાનો જીવન બચાવવો પડે તેવી સ્થિતિ હતી. આખલાની લડાઈમાં કોણ જીતે તેમાં કોઈને રસ ન હતો પરંતુ હાલમાં રાજ્યાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ આવો જ રાજકીય જંગ જામ્યો છે અને આજે તો મત ગણતરી છે ત્યારે આ જંગમાં કોણ મેદાન મારશે તેની પર સૌ કોઈની નજર રહેશે.

## મનપાની પહેલી ચૂંટણીના પરિણામો વાપીમાં નવો ઈતિહાસ રચશે

**મતગણતરી** માટે પુરુષ અધ્યાપન મંદિરના પરિસરમાં ત્રણ સેન્ટરમાં દરેક વોર્ડ માટે છ ટેબલ ગોઠવાશે

વાપી : વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂરી થયા બાદ મંગળવારે પુરુષ અધ્યાપન મંદિર પરિસરમાં સવારે ૯ વાગ્યાથી મત ગણતરી શરૂ થશે. વાપી મહાપાલિકાની પહેલી ચૂંટણીના પરિણામો નવો ઈતિહાસ રચશે.

મહાપાલિકાની આ ચૂંટણીમાં ૧૨૦ જેટલા ઉમેદવારો ૧૩ વોર્ડમાં ચૂંટણી જંગમાં છે. ભાજપના ૫૧ ઉમેદવારો જ્યારે કોંગ્રેસના ૫૦ ઉમેદવારો વચ્ચે જંગ છે. જ્યારે આમ આદમી પાર્ટીના ૮ ઉમેદવારો તેમજ અપક્ષ ૭ અને એએસપીના ૪ ઉમેદવારોના ભાવિ હવે ઈવીએમમાં મત ગણતરી બાદ જીત-હારનો ફેસલો થઈ જશે.

### વાપી મનપાના મતદાનની વિગત અને ટકાવારી

| વોર્ડ | મતદાન (પુરુષ) | મતદાન (સ્ત્રી) | કુલ મતદાન | ટકાવારી (%) |
|---|---|---|---|---|
| 1 | 3591 | 3468 | 7059 | 83.85 |
| 2 | 4969 | 4067 | 9036 | 71.11 |
| 3 | 3728 | 2710 | 6438 | 74.45 |
| 4 | 3354 | 2769 | 6123 | 82.12 |
| 5 | 3747 | 3102 | 6849 | 60.21 |
| 6 | 3208 | 2734 | 5942 | 60.85 |
| 7 | 2377 | 2248 | 4625 | 64.38 |
| 8 | 3772 | 3304 | 7076 | 73.14 |
| 9 | 3109 | 2803 | 5912 | 71.38 |
| 10 | 3687 | 3015 | 6702 | 77.61 |
| 11 | 2533 | 1982 | 4515 | 82.47 |
| 12 | 3392 | 2678 | 6070 | 74.12 |
| 13 | 3198 | 2215 | 5413 | 74.31 |
| કુલ | 44665 | 33669 | 81760 | 72.29 |

વાપી પુરુષ અધ્યાપન મંદિરના પરિસરમાં વાપી મહાપાલિકાની ચૂંટણીના પરિણામ માટે ત્રણ સેન્ટર ઉપર એક એક વોર્ડની મત ગણતરી માટે છ ટેબલ ઉપર ઈવીએમ મૂકીને મતની ગણતરી થશે.

દરેક વોર્ડમાં બે રાઉન્ડના અંતે પરિણામ મળી જશે. તેમજ એક વોર્ડમાં તો એક જ રાઉન્ડમાં પરિણામ મળી જશે. વાપીમાં વલસાડ, પારડી તેમજ ધરમપુરના પ્રાંત અધિકારીના નેજા હેઠળ મત ગણતરી હાથ ધરાશે. હવે પરિણામ આવ્યા બાદ પહેલા મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન કોણ બને છે તેનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ જશે.

## કપરાડા તાલુકા પંચાયતની 22 બેઠક ઉપર 89.66 ટકા મતદાન

**સૌથી** વધુ 92.54 ટકા મતદાન નારવડ બેઠક ઉપર

**10 બેઠકો** ઉપર 90 ટકાથી વધુ મતદા

વલસાડ : વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં તાલુકા પંચાયતની 22 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીઓમાં 89.66 ટકા મતદાન નોંધાયું હતું.

કુલ 120093 મતદારો પૈકી 107680 મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં મહિલા 51442 અને પુરુષ 56238 નો સમાવેશ થાય છે. સૌથી વધુ 92.54 ટકા મતદાન સીલધા જિલ્લા પંચાયત બેઠકના નારવડ બેઠક ઉપર નોંધાયું હતું. આજે તમામ ઉમેદવારોના ભાવિનો ફેસલો થઇ જશે.

### તાલુકા બેઠકોની મતદાન ટકાવારી

| બેઠક | ટકાવારી | બેઠક | ટકાવારી |
|---|---|---|---|
| આંબાજંગલ | 87.62 | મોટી પ્લસાન | 90.66 |
| આસલોના | 90.37 | નાની પલસાણ | 92.21 |
| અસ્ટોલ | 90.11 | નારવડ | 92.54 |
| ચાવશાળા | 88.30 | સિલધા | 91.16 |
| ઘોટણ | 88.09 | સુલીયા | 88.53 |
| કપરાડા | 89.99 | તેરી ચીખલી | 90.92 |
| કરચોંડ | 90.07 | વાડી | 91.99 |
| કરજુન | 88.49 | વડોલી | 88.73 |
| ખડકવાળ | 88.21 | વારોલી જંગલ | 89.05 |
| મેઘવાળ | 91.04 | વાવર | 88.23 |
| મેણધા | 87.35 | વીરક્ષેત્ર | 89.24 |

## નાનાપોંઢા તાલુકામાં 84.56 ટકા મતદાન

**સૌથી** વધુ 91.79 ટકા પરિણામ જીરવલ-5 બેઠક ઉપર નોંધાયું

વલસાડ : નાનાપોંઢા તાલુકાની પ્રથમ ચૂંટણીમાં 20 બેઠકો ઉપર 84.56 ટકા મતદાન નોંધાયું હતું. જેમાં સૌથી વધુ 91.79 ટકા પરિણામ જીરવલ-5 બેઠક ઉપર નોંધાયું હતું. કુલ 102706 મતદારો પૈકી 86846 મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં 44655 પુરુષ અને 42191 મહિલા મતદારોએ મતદાન કર્યું હતું.

તાલુકામાં ચૂંટણીઓમાં ચર્ચાસ્પદ ચહેરાઓમાં તાલુકા કોંગ્રેસ પ્રમુખ અને નાનાપોંઢા તાલુકા પંચાયત કોંગ્રેસ ઉમેદવાર હરેશ પટેલ, જિલ્લા ભાજપના માજી ઉપાધ્યક્ષ અને એપીએમસી ચેરમેન અને નાનાપોંઢા સરપંચ અને નાનાપોંઢા તાલુકા પંચાયત બેઠકના ભાજપ ઉમેદવાર મુકેશ પટેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ આગેવાન અને સુખાલા તા.પં. બેઠક કોંગ્રેસ ઉમેદવાર કુંજાલી પટેલ ઉપરાંત સૌથી વધુ ઉતેજના કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા દશમા ઘનારિયા ભાજપમાં આવ્યાને 48 કલાકમાં તેમની પુત્રવધુને માંડવા જિ. પં. બેઠક ઉપર ટિકિટ મળી હતી. જેને લઇ ભાજપ અને કોંગ્રેસ બંને છાવણીઓમાં આ બેઠકના પરિણામ ઉપર સૌની નજર રહેલી છે.

નાનાપોંઢા તાલુકા પંચાયતની ચૂંટણીની મત ગણતરી મંગળવારે નાનાપોંઢા સ્થિત એન.આર. રાઉત હાઇસ્કુલમાં કરવામાં આવશે. મત ગણતરીની પૂર્વ સંધ્યાએ નાનાપોંઢા તાલુકો ચૂંટણી અધિકારી, મામલતદાર અને ટીડીઓ સહિતની ટીમ દ્વારા કામગીરીને આખરી ઓપ અપાયો હતો.

### કપરાડા જિ.પં.ની 5 બેઠક ઉપર 89.66 ટકા મતદાન

રવિવારે યોજાયેલી ચૂંટણીઓમાં મોબાઈલ નેટવર્કના અભાવ અને ભૌગોલિક પરિસ્થિતિને લઈ ચૂંટણીની ટકાવારી મોડી રાત્રે સ્પષ્ટ થઈ હતી. તાલુકાની 5 જિલ્લા પંચાયત બેઠકો ઉપર કુલ 89.66 ટકા મતદાન નોંધાયું હતું. 120093 મતદારો પૈકી 107680 મતદારોએ મતદાન કર્યું હતું. જેમાં 51442 મહિલા અને 56238 પુરુષ મતદારો ના સમાવેશ થાય છે.

### જિ.પં.બેઠકો ટકાવારી

| | |
|---|---|
| આસલોના | 90.47 |
| કપરાડા | 88.48 |
| મેઘવાળ | 90.47 |
| સિલધા | 89.83 |
| વડોલી | 88.83 |

### બેઠક વાઇઝ મતદાન ટકાવારી

| બેઠક | ટકા | બેઠક | ટકા |
|---|---|---|---|
| અંભેટી | 82.64 | માંડવા | 85.71 |
| અરનાઇ | 87.70 | મોટાપોંઢા 1 | 83.19 |
| ચિવલ | 81.44 | મોટાપોંઢા 2 | 83.70 |
| ડહેલી | 74.07 | મોટી તંબાડી | 84.90 |
| જીરવલ | 91.79 | મોટી વહીયાળ | 87.36 |
| જોગવેલ | 83.87 | નાનાપોંઢા | 83.65 |
| કાકડકોપર | 89.01 | નાની તંબાડી | 82.93 |
| કોપરલી | 84.81 | ઓઝરડા | 85.76 |
| કોઠાર | 86.72 | રાતા | 75.05 |
| લવાછા | 89.72 | સુખાલા | 85.16 |

### ઉમરગામના ઉમેદવારોના ભાવિનો આજે ફેસલો

ઉમરગામ : આજે મંગળવારને 28 મી એપ્રિલના રોજ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઉમરગામમાં ત્રણ સ્થળોએ તાલુકા જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીની મતગણતરી હાથ ધરવામાં આવશે. ઉમરગામ નગરપાલિકાની 20 બેઠકો માટે સરેરાશ 74.95 ટકા જિલ્લા પંચાયત ઉમરગામની 7 બેઠકો માટે 72.49 ટકા અને ઉમરગામ તાલુકા પંચાયતની 30 બેઠકો માટે 72.75 ટકા સરેરાશ મતદાન નોંધાયું છે. આજે મંગળવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઉમરગામ ટાઉનમાં એમ એમ હાઇસ્કુલ, અગ્રથા સ્કૂલ ખાતે જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણીનું મતગણતરી તથા કુમાર શાળા ખાતે નગરપાલિકાની ચૂંટણીની મતગણતરી સવારે 9:00 વાગ્યાથી હાથ ધરવામાં આવશે. તે માટે તમામ તૈયારીઓ વહીવટી તંત્ર ચૂંટણી અધિકારી દ્વારા પૂર્ણ કરી દેવામાં આવી છે. તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણી માટે 123 ઉમેદવારો અને ઉમરગામ નગરપાલિકાની 20 બેઠકો માટે 44 ઉમેદવારો મેદાનમાં હોય તેમના ભાવિનો ફેસલો આજે થઈ જશે.

### વલસાડ પાલિકાનું સ્વૈચ્છિક દબાણો દૂર કરવા વેપારીઓને અલ્ટીમેટમ

વલસાડ - વલસાડ શહેરના મુખ્ય માર્ગો પર વધતી ટ્રાફિકની સમસ્યા અને ગેરકાયદે દબાણોને હટાવવા માટેપાલિકા તંત્ર આક્રમક મૂડમાં આવ્યું છે. પાલિકાએ રીક્ષા ફેરવી જાહેરાત કરી છે કે, માર્ગો પર દબાણ કરનારા વેપારીઓ તાત્કાલિક ધોરણે પોતાનો સામાન હટાવી લે, અન્યથા પાલિકા દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે.નગરપાલિકાએ ખાસ કરીને સ્ટેડિયમ રોડ, બેચર રોડ, એમ.જી. રોડ અને શાકભાજી માર્કેટ જેવા વ્યસ્ત વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તંત્રના જણાવ્યા અનુસાર, જો મંગળવાર સુધીમાં વેપારીઓ સ્વૈચ્છિક રીતે દબાણ દૂર નહીં કરે, તો 'મેગા ડિમોલિશન' હાથ ધરવામાં આવશે. આ કામગીરીમાં બાંધકામ વિભાગ, દબાણ હટાવ સેલ અને ફાયર બ્રિગેડની ટીમો પોલીસ બંદોબસ્ત સાથે મેદાનમાં ઉતરશે.

## ચૂંટણીઓમાં કપરાડા તાલુકો મતદાનમાં પ્રથમ

**જિલ્લામાં** સૌથી વધુ 89.66 ટકા મતદાન કપરાડા તાલુકાનું, સૌથી ઓછું વલસાડ તાલુકાનું

**જિલ્લા** પંચાયત બેઠકોનું 68.24 અને તા. પં.બેઠકોનું 67.47 ટકા મતદાન

વલસાડ : 26 એપ્રિલે યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અંતર્ગત જિલ્લામાં જિલ્લા અને તાલુકા પંચાયતથી વધુ મતદાન કપરાડા તાલુકામાં નોંધાયું છે. જિલ્લા પંચાયત બેઠકો ઉપર સૌથી વધુ કપરાડા તાલુકાનું 89.66 ટકા મતદાન નોંધાયુ છે.

સૌથી ઓછું 68.24 ટકા પરિણામ વલસાડ તાલુકાનું નોંધાયું છે. જ્યારે તાલુકા પંચાયત બેઠકો ઉપર પણ કપરાડા તાલુકા પ્રથમ નંબરે રહ્યું છે. તાલુકા પંચાયત બેઠક ઉપર જિલ્લામાં સૌથી વધુ 89.66 ટકા પરિણામ કપરાડા તાલુકાનું નોંધાયું છે. એવરેજ દ્રષ્ટિએ જોઈએ તો જિલ્લા પંચાયત બેઠકો ઉપર 78.45 ટકા અને તાલુકા પંચાયતો ઉપર 78.38 ટકા મતદાન નોંધાયું હતું.

### જિ.પં.બેઠક મતદાન

| તાલુકો | ટકા |
|---|---|
| વલસાડ | 68.24 |
| ધરમપુર | 83.17 |
| પારડી | 72.60 |
| નાનાપોંઢા | 84.56 |
| કપરાડા | 89.66 |
| ઉમરગામ | 72.49 |

### તા.પં.બેઠક મતદાન

| તાલુકો | ટકા |
|---|---|
| વલસાડ | 66.56 |
| ધરમપુર | 83.17 |
| પારડી | 72.60 |
| નાનાપોંઢા | 84.56 |
| કપરાડા | 89.66 |
| ઉમરગામ | 72.75 |

## ગુંદલાવની ડેમોશા કંપની છૂટા કરાયેલા કામદારોને પરત લેશે

**24 ગામના** સરપંચોની મધ્યસ્થીથી રોજગારીનો વિવાદ ઉકેલાયો

બાંહેધરીનું પાલન નહીં થાય તો ફરી ઉગ્ર આંદોલનની ચીમકી

વલસાડઃ સ્થાનિક કામદારોને રોજગારી આપવાના અને જૂના કામદારોને છૂટા કરવાના મુદ્દે આસપાસના 24 ગામના સરપંચો અને 500થી વધુ કામદારોએ એકજૂથ થઈને કંપનીના ગેટ પાસે મોરચો માંડ્યો હતો. આ આંદોલનને કારણે કંપની પરિસરમાં વાતાવરણ તંગ બની ગયું હતું અને કામગીરી ખોરવાઈ હતી. સ્થિતિની ગંભીરતાને જોતા વલસાડ રૂરલ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસની મધ્યસ્થી હેઠળ કંપનીના મેનેજમેન્ટ અને ગામના સરપંચો વચ્ચે લાંબી ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી. કંપનીએ સત્તાવાર રીતે લેખિતમાં ખાતરી આપી છે કે, જે કામદારોને છૂટા કરાયા છે અથવા જેમના પ્રશ્નો પડતર છે, તેમને ફરીથી કામ પર લેવામાં આવશે. સ્થાનિકોને પ્રાધાન્ય રોજગારીના પ્રશ્ને સ્થાનિક યુવાનો અને કામદારોને પ્રાથમિકતા આપવાનું નક્કી કરાયું છે. સરપંચોએ સ્પષ્ટ કર્યું છે કે, હાલ સમાધાન સ્વીકાર્ય છે, પરંતુ જો કંપની પોતાની બાંહેધરીનું પાલન નહીં કરે તો આગામી સમયમાં ફરીથી ઉગ્ર આંદોલન છેડવામાં આવશે. સ્થાનિકોના હક માટે અમે લડત આપી હતી. કંપનીએ લેખિતમાં ખાતરી આપી છે એટલે હાલ પૂરતું આંદોલન સમેટી લેવાયું છે, પરંતુ અમે નજર રાખીશું. હાલમાં ગુંદલાવ GIDCમાં પરિસ્થિતિ સંપૂર્ણપણે શાંત છે અને રૂરલ પોલીસે મામલો થાળે પાડ્યો છે. આ સફળ સમાધાનથી સેંકડો શ્રમિક પરિવારોમાં રાહતની લાગણી ફેલાઈ છે.

## કરવડમાં પાર્કિંગ મુદ્દે પડોશીઓ વચ્ચે મારા મારી

**પિતા-પુત્રો** તથા બનેવી સામે પોલીસ ફરિયાદ


વાપીઃ વાપી કરવડમાં પાર્કિંગ મુદ્દે પડોશી વચ્ચે મારામારી થઇ હતી. જેમાં પિતા અને પુત્ર તથા બનેવીએ મળી દંપતીને લાકડી તથા ઢીક્કામુક્કીનો માર માર્યો હતો.

યુપી અને હાલ વાપી નજીકના કરવડ, પાટીયામોરામાં સંતોષકુમાર પૃથ્વીપાલ યાદવ (ઉં.વ.41) રહે છે. તા.26-4-26 ના રોજ રાત્રિના નવેક વાગ્યાની આસપાસ ઘરની સામે રહેતા દુર્ગેશ ઉર્ફે દેવા અને તેના પિતા બ્રિજભાન પાર્કિંગ મુદ્દે પત્નીને ગાળો આપતો હતો, જેથી સંતોષે ગાળો આપવાની ના પાડતા બ્રિજભાન ઉશ્કેરાઈ ગયો હતો. પત્નીને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો જયારે દુર્ગેશે લાકડીના સપાટા મારતા હાથમાં ઈજા પહોંચી હતી. પત્નીને છોડાવવા વચ્ચે પડતાં સંતોષને પણ ઢીક્કામુક્કી અને લાકડીથી માર માર્યો હતો. જયારે દુર્ગેશનો નાનો ભાઈ, બનેવી પણ આવી ગયા હતા અને ઝઘડો કર્યો હતો અને લાકડીથી માર માર્યો હતો. આ અગાઉ પણ પાર્કિંગ મુદ્દે ઝઘડો થયો હતો અને સમાધાન થયું હતું. ફરીથી પાર્કિંગ મુદ્દે ઝઘડો થયો હતો. મારામારી કરનારા બ્રિજભાન રામદુલાર યાદવ (પિતા), દુર્ગેશ ઉર્ફે દેવા, શીતલા પ્રસાદ (બંને પુત્ર) અને મુન્ના (બનેવી) (તમામ રહે., કરવડ, પાટીયામોરા) સામે ડુંગરા પોલીસ મથકમાં સંતોષ યાદવે ફરિયાદ નોંધાવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીની આર.કે.દેસાઇ કોલેજનું ગૌરવ





વાપી : આર.કે.દેસાઈ કોલેજ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટ, વાપી અંતર્ગત ટી.વાય.બી.બી.એ સેમેસ્ટર 6 ની ૨૦૨૫-૨૬ માં VNSGU દ્વારા લેવાયેલી પરીક્ષામાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી કોલેજના વિદ્યાર્થીઓએ ટી.વાય. બી.બી.એ કોર્સમાં ટોપર બની કોલેજનું ગૌરવ વધાર્યું છે. પ્રથમ ક્રમે આવનાર વર્મા અજય (8.18 SGPA), દ્વિતીય ક્રમે ભાનુશાલી પ્રાચી (8.00 SGPA) અને ત્રીજા ક્રમે નંદાણિયા જીત (7.82 SGPA)ની શૈક્ષણિક સફળતામાં બી.બી.એ. વિભાગના હેડ ડો. પ્રિન્સી ઠાકુર તથા કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડો. શીતલ ગાંધીનું પણ મહત્વની ભૂમિકા રહી છે. આ જ્વલંત સિદ્ધિ મેળવવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઇ તેમજ સંસ્થાના ઇન્ચાર્જ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહ તેમજ સર્વ પ્રાધ્યાપકોએ પણ આનંદ વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતાં.

### અતુલ લિમિટેડ દ્વારા જનજાગૃતિ અને તાલીમ કાર્યક્રમોનું આયોજન



વલસાડ : અતુલ લિમિટેડ, અતુલ દ્વારા ફાયર સર્વિસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે અનેકવિધ કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ફાયર સેવામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. ફાયર સર્વિસ સપ્તાહ દરમિયાન કંપનીના કર્મચારીઓ માટે વિવિધ સ્પર્ધાઓ જેવીકે ઓનલાઇન ક્વિઝ સ્પર્ધા, સ્કાબા સ્પર્ધા તેમજ ફાયર હાઇડ્રન્ટ ડ્રિલ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૭૮૨ કર્મચારીઓએ ભાગ લીધો હતો, જેમા ૭૦ જેટલી મહિલા કર્મચારીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત અતુલ વિદ્યામંદિર ખાતે ફાયર સેફ્ટી તાલીમ કાર્યક્રમનુ આયોજન કરાયુ જેમાં ૧૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વધુમાં, વલસાડ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (વિમ્સ) હોસ્પિટલ ખાતે મોક ડ્રિલ યોજવામાં આવી હતી. જેના દ્વારા આપાતકાલીન પરિસ્થિતિમાં ઝડપી અને અસરકારક પ્રતિસાદ અંગે સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.


### જાહેર ચેતવણી તેમજ જાહેર નોટીશના જવાબ

તા. ૧૮-૪-૨૬ ના રોજના દૈનિક સમાચારપત્રમાં મોજેની મોજે: નીમલાઈના બ્લોક નં. ૩૨૭ જુના રી-સર્વે બ્લોક નં. ૨૨૭ વાળી ખેતીની જમીનના સંદર્ભમાં વેચાણ અંગેની આપેલી જાહેર નોટીશ અંગે સ્પષ્ટતા કરી જણાવવાનું કે,

આ નોટીશમાં જણાવ્યા પ્રમાણે સદર બ્લોક નંબરની જમીનના અડધા ભાગ-હીસ્સા સદર જમીનના કહેવાતા માલીક જગુભાઈ મકનભાઈ પટેલ વેચાણ કરવા માંગે છે, અને જેથી જે બાબતના વાંધા હોય તો રજુ કરવા જણાવેલ છે. સબબ આ હકીકત અંગે આથી હમારા અસીલ શ્રી વામનભાઈ નારણભાઈ પટેલ તરફે સ્પષ્ટતા કરી જણાવવાનું કે, જાહેર નોટીશમાં જણાવેલ જમીન અંગે નવસારી સીવીલ કોર્ટમાં સ્પે. મુ. નં. ૪૦/૧૪ થી દાવાના કામકાજ પેન્ડીંગ છે. જેમાં જાહેર નોટીશવાળી જમીન અંગે વહેંચણી ઉપરાંત અન્ય આનુસાંગીક દાદ/દાદો માંગી છે. આ દાવાના કામમાં હમારા અસીલના લાભમાં નોંધાયેલા, જાહેર નોટીશ અન્વયેની જમીનના રજી. વેચાણ દસ્તાવેજનું સુસંગતની દાદ પણ માંગવામાં આવી છે. ઉપરાંત તથા જાહેર નોટીશ વાળી જમીન બાબતમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં. ૨૧૬૦૩/૧૬ થી કાર્યવાહી, પેન્ડીંગ છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા જાહેર નોટીશ અન્વયેની જમીન અંગેની પરીસ્થિતીના સંદર્ભમાં " સ્ટેટસ ક્વો" ઉપરાંત અરજના આખરી નીકાલ સુધી મેઈનટેઈન કરવાના હુકમ જાહેર કરેલા છે. જે હુકમ પણ હાલમાં અમલમાં છે. આ હકીકતમાં જાહેર નોટીશ અન્વયેની જમીન બાબતમાં કોઈપણ પ્રકારના વેચાણના વહેવાર અગર તબલીલીના લખાણ કરવા-કરાવવામાં આવશે તો તેવી પરીસ્થિતીમાં એવા વહેવાર કરાવનારા ઈસમ "કન્ટેમ્પટ ઓફ કોર્ટની" કાર્યવાહી અંગે તથા ફોજદારી સજાને પાત્ર ગુના અંગે જવાબદાર થશે. જાહેર નોટીશમાં જણાવેલ જમીનના કહેવાતા માલીક જગુભાઈ અને અન્ય શ્રી ધનજીભાઈ સીવલ દાવા/નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમથી, શરૂઆતથી જાણકાર છે અને તેઓ સીવીલ દાવા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં હાજર પણ થયા છે, અને જે હકીકતોમાં તેઓ સમગ્ર કામકાજ/કાર્યવાહીથી સંપુર્ણપણે જાણકાર અને માહીતગાર છે. સબબ ઉપરોક્ત સત્ય હકીકતો ધ્યાનમાં લઈ, જાહેર નોટીશવાળી જમીન અંગે કોઈપણ ત્રાહીત ઈસમ દ્વારા નોટીશ મુજબની કોઈપણ પ્રકારની જમીનના તબદીલીના વહેવાર કરવા-કરારવવા નહીં, જેની સ્પષ્ટ નોંધ લેશો. હમારા અસીલ એવી આશા રાખે છે કે હમારા અસીલે ફોજદારી ફરીયાદ અગર કન્ટેમ્પટ ઓફ કાર્યવાહી કરવાના પ્રસંગ આવે નહીં.

નવસારી,
તા. ૨૭-૦૪-૨૦૨૬

મારી મારફત,
વિજય દીનકરરાય નાયક (એડવોકેટ)

ઘર/ઓફિસઃ પ્રિતમનગર, સિંધી કેમ્પ રોડ, નવસારી - ૩૯૬૪૪૫. ફોન : (૦૨૬૩૭) ૨૫૬૮૧૫